## રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ ૬૭મા પ્રજાસત્તાક દિનની પૂર્વ સધ્યાએ નાગરિકોને પાઠવી શુભકામના

## રાજ્ય અને રાષ્ટ્રના સર્વાગી વિકાસ માટે યોગદાન આપવા પ્રત્યેક નાગરિક સકલ્પબધ્ધ થાય

## રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીનો પ્રજાજોગ સદેશ

રાજભવન, ગાધીનગર તા. ૨૫/૦૧/૨૦૧૬

રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ રાષ્ટ્રના ૬૭મા પ્રજાસત્તાક દિનના ગૌરવશાળી પર્વે રાજયના પ્રજાજનોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ તેમના રાજયની પ્રજા જોગ સદેશામા જણાવ્યુ છે કે, લોકશાહીના આ પાવન પર્વે દેશની એકતા – અખડિતતાને સુદ્રઢ બનાવવા તેમજ રાજય અને રાષ્ટ્રના સર્વાગી વિકાસ માટે યોગદાન આપવા પ્રત્યેક નાગરિક સકલ્પબધ્ધ થાય.

રાજયપાલશ્રીએ ગુલામીના બધનમાથી દેશને "રકતવિહિન ક્રાતિ" દ્વારા મુકિત અપાવનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાધી, પડિત જવાહરલાલ નેહરૂ, લોખડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ, સુભાષચદ્ર બોઝ તથા સરદાર ભગતસિહ જેવા એક રાષ્ટ્રીય નાયકો, ક્રાતિકારીઓ અને દેશની આઝાદી માટે યોગદાન આપનારા જ્ઞાત–અજ્ઞાત તમામ મહાપુરૂષોને વદન કરી તેમનુ ૠણ સ્વીકારી જણાવ્યુ હતુ કે, સમગ્ર વિશ્વમા આજે ભારત દેશનુ નામ ગૌરવ અને સન્માન પૂર્વક લેવામા આવી રહયુ છે. રાજયપાલશ્રીએ ડો. બાબા સાહેબ આબડકરની ૧૨૫મી જન્મ જયતી અવસરે તેમણે કહેલી પ્રત્યેક વર્ગના લોકોની એકતા અને સમરસતાની વાતને દોહરાવી જણાવ્યુ હતુ કે, ગુજરાતના મુખ્યમત્રી શ્રીમતી આનદીબહેન પટેલે પ્રજાહિતને હૃદયમા રાખીને રાજયને વિકાસના નૂતન શીખરે પહોચાડયુ છે. જેના કારણે ગુજરાત આજે દેશનુ ગ્રોથ એન્જીન બની રહયુ છે. તેમણે જણાવ્યુ હતુ કે મુખ્યમત્રી શ્રીમતી આનદીબહેન પટેલે ગતીશીલ ગુજરાતનો નવીનતમ અભિગમ અપનાવ્યો છે, જે જન જનના વિકાસ માટે મહત્વપૂર્ણ બની રહયો છે. તેમણે જણાવ્યુ હતુ કે "મુખ્યમત્રી યુવા સ્વાવલબન યોજના" જેવી અનેકવિધ યોજનાઓ દ્વારા ગુજરાતે યુવા સશકિતકરણ ક્ષેત્રે દેશભરમા નમૂનેદાર કાર્ય કર્યુ છે. આ જ રીતે મહિલા સશકિતકરણ ક્ષેત્રે પણ ગુજરાતે શ્રેષ્ઠ કામગીરી કરી છે.

તેમણે જણાવ્યુ હતુ કે, કેન્દ્ર સરકારે રાજયની ગતિશીલતાને આગળ ધપાવવા અનેક વિકાસ કાર્યોને મજૂર કર્યા છે. "અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન" – "અમૃત યોજના" અતર્ગત રાજયના ૩૧ શહેરોમા પીવાના પાણી, ગટર વ્યવસ્થા ઉપરાત શહેરી પરિવહન જેવા ૪૩ પ્રોજેકટ માટે પણ કેન્દ્ર સરકારે રૂા. ૧૨૦૦ કરોડ જેટલી ફાળવણી કરી છે.

રાજયપાલશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'મેક–ઈન–ઈન્ડિયા' ના સકલ્પને સાકાર કરવા ગુજરાતે અમલમા મૂકેલી ઉદ્યોગને પોષનારી નવી ઉદ્યોગ નીતિ, નવી પર્યટન નીતિ ઉપરાત શિક્ષણ સુધાર માટે શાળા પ્રવેશોત્સવ, ગુણોત્સવ, જ્ઞાન સપ્તાહ જેવા કાર્યક્રમોની પણ નોધ લીધી હતી. રાજયપાલશ્રીએ "મુખ્યમત્રી અમૃતમ વાત્સલ્ય યોજના" તેમજ મહિલાઓમા સ્તન અને

ગર્ભાશયના કેન્સર સામે જાગૃતિરૂપ સ્ક્રીનીગ અભિયાનનો ઉલ્લેખ કરી "સર્વે સન્તુ નિરામયા"ની ભાવના રાજય સરકાર ચરિતાર્થ કરી રહી હોવાનુ જણાવ્યુ હતુ.

રાજયપાલશ્રીએ સ્વચ્છ ભારત મિશન અતર્ગત ગુજરાતે દેશભરમા શ્રેષ્ઠ કામગીરી કરી હોવાનુ પણ જણાવ્યુ હતુ. તેમણે રાજયના કૃષિ વિકાસને દેશભરમા શ્રેષ્ઠ ગણાવ્યો હતો. રાજયમા પાણી પુરવઠા યોજનાઓ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતી તેમજ પછાત વર્ગોના ઉત્કર્ષ માટેની યોજનાઓ, ગરીબ કલ્યાણ મેળા, સિચાઈ યોજનાઓ જેવી અનેકવિધ યોજનાઓના અમલીકરણ દ્વારા ગુજરાત રાજયે શ્રેષ્ઠ વિકાસ સાધ્યો છે, તેમ તેમણે જણાવ્યુ હતુ.

રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ લોકશાહીના સિદ્ધાતો–મૂલ્યોને સુર્દઢ કરવા ઉપરાત રાજયની વિકાસ યાત્રામા નાત–જાતના ભેદભાવને ટાળીને સૌ એ એક બની યોગદાન આપવા નાગરિકોને આ પાવન પ્રસગે અપીલ પણ કરી હતી.

———————————————————————————————————————